Phone: (02692)–226801
Fax: (02692)–236475

સરદાર પટેલ યુનિવર્સિટી
પોસ્ટ બોક્સ નંબર.૧૦
વલ્લભ વિદ્યાનગર (ગુજરાત) – ૩૮૮ ૧૨૦

# પરિપત્ર

વંચાણે લીધાઃ
(૧) અત્રેના પત્ર નં.ડી/બી/૧૯૮ તાઃ ૯/૫/૨૦૦૭
(૨) યુનિવર્સિટી સિન્ડિકેટની ખાસ સભા તાઃ૧૪/૮/૨૦૧૨ ઠરાવ ક્રમાંકઃ ૧૨.
(૩) અત્રેના પત્ર નં.કે./ટી.એ./૪૯૮૩ તાઃ૧૭/૧૦/૨૦૧૨
(૪) યુનિવર્સિટી સિન્ડિકેટની સભા તાઃ૨૮/૧૨/૨૦૧૬ ઠરાવ ક્રમાંકઃ૧૬

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકો યુજીસી મુજબની લાયકાત ધરાવતા ન હોય તેમને યુનિવર્સિટીની સિન્ડિકેટ દ્વારા વખતો વખત ઠરાવ કરીને શરતી માન્યતા આપવામાં આવતી હતી. જેના કારણે આવા અધ્યાપકોને યુનિવર્સિટી કોલેજ ટીચરની મતદારયાદીમાં સમાવેશ કરીને મતદાર તરીકેના, યુનિવર્સિટી દ્વારા બોર્ડ ઓફ સ્ટડીઝ પ્રાશ્નિક, પરીક્ષક તરીકે, સેનેટ/સિન્ડિકેટ સભ્ય તરીકેના હક્કો મળતા હતા, જે સિન્ડિકેટની તાઃ૨૮/૧૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ ૧૬ થી ઠરાવ્યા મુજબ જે તારીખથી શરતી માન્યતા આપવામાં આવી હતી તે તારીખથી (Ab initio) રદ કરવામાં આવે છે. જે ઠરાવ નીચે મુજબ છે.

"આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સિન્ડિકેટ દ્વારા વખતો વખતના ઠરાવોથી લાયકાત નહી ધરાવતા અધ્યાપકોને શરતી નિમણૂંક આપવામાં આવી હતી જે નિમણૂંકની (Ab initio) તારીખથી રદ કરવી તથા જે તે કોલેજોમાં શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે હેતુંથી સંબંધકર્તા કોલેજો સદર અધ્યાપકોને કરાર આધારીત અધ્યાપક સહાયક તરીકે નિમણૂક કરી શકશે.

શૈક્ષણિક લાયકાત નહી ધરાવતા અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક મેળવેલ અધ્યાપકોને યુનિવર્સિટી ધ્વારા તૈયાર થતી અધ્યાપકોની મતદાર યાદીમાં અધ્યાપક તરીકે સમાવેશ કરવો નહી. તથા સેનેટ, સિન્ડિકેટ અને બોર્ડ ઓફ સ્ટડીઝમાં સભ્ય તરીકે રહી શકે નહી પ્રાશ્નિક અને પરીક્ષક તરીકે પણ રાખી શકાશે નહી."

આપની કોલેજમાં/ઈન્સ્ટીટયુટસમાં આવી શરતી માન્યતા પ્રાપ્ત જે શિક્ષકો હોય તેઓએ જરૂરી લાયકાત મેળવી ન હોય તેઓને આપેલ યુનિવર્સિટીની માન્યતા આ પરિપત્રથી પરત ખેંચવામાં આવે છે. તેથી જે અધ્યાપકો દ્વારા જરૂરી લાયકાત મેળવી હોય તેમને પોતાની નેટ/સ્લેટ પરીક્ષાની માર્કશીટ કે પીએચ.ડી.ની પદવી મેળવ્યા અંગેનું નોટિફિકેશનની નકલ યુનિવર્સિટીને તાઃ૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. જેઓની માન્યતા રદ કરવામાં આવે છે તેઓને આ અંગેની કોઇ રજૂઆત કરવી હોય તો કુલપતિશ્રીને ઉદ્દેશીને તાઃ૪/૧/૨૦૧૭ સુધીમાં મોકલી શકશે. આપની કોલેજના તમામ અધ્યાપકોને આ અંગેની જરૂરી જાણ કરી યુનિવર્સિટીને લેખિત જાણ કરવા વિનંતી.

નંબરઃ ડી/૧૦/૬૩૧૬
તાઃ૨૮/૧૨/૨૦૧૬

(ડૉ. રામસિંહ રાજપુત)
કુલસચિવ

પ્રતિ,
પ્રમુખ/મંત્રી/આચાર્યશ્રી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/ઈન્સ્ટીટયુટસ